શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૯

અંક : ૧૧

## બાલદિન

રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય દિવસોની ઉજવણીના ભાગરૂપે ૧૪ નવેમ્બરને બાળદિન તરીકે ઉજવાય છે. આ દિવસોમાં બાળકો મહિલાઓ, મજુરોને વંચિત સમૂહની સ્થિતિને આ રીતે યાદ કરીને તેને બેહતર બનાવવાના સંકલ્પો થતા હોય છે.

ઉપર જણાવ્યા મુજબના દિવસોની ઉજવણી થવા છતાં મીલેનિયમ ડેવલપમેન્ટ ગોલ (એમડીજી) અનુસાર ૨૦૧૫ સુધીમાં રાખવામાં આવેલા લક્ષ્યાંકોમાં કેટલી પહોંચ બની. હવે ૨૦30 સુધીમાં ૧૭ જેટલા સસ્ટેનેબલ ડેવલેપમેન્ટ ગોલ (એસડીજી) સિધ્ધ કરવા સંયુકત રાષ્ટ્રસંઘમાં સમજુતી થયેલ છે. તે મુજબ (૧) ગરીબીનો અંત, (૨) ભુખમરો સમાપ્ત, ખાદ્ય સુરક્ષા, પોષણ તથા ખેતિને પ્રોત્સાહન, (૩) સ્વસ્થ જીવન, (૪) ગુણવતા પૂર્ણ શિક્ષા (આજીવન શિક્ષા પ્રાપ્તિના અવસરો), (૫) જેન્ડર સમાનતા હાંસલ કરવી, મહિલા અને કિશોરીઓનું સશક્તિકરણ, (૬) બધા માટે જળ અને સ્વચ્છતાની ઉપલબ્ધતા, (૭) વ્યાજબી અને ભરોસાવાળી આધુનિક ઊર્જાની ઉપલબ્ધતા, (૮) સમાન આર્થિક વિકાસને પ્રોત્સાહન, (૯) સૌના ઉત્પાદન નિર્માણ માટે ઔદ્યોગિકરણ, (૧૦) રાષ્ટ્રો વચ્ચેની અસમાનતા ઘટાડવી, (૧૧) શહેરો અને માનવ વસ્તીઓને સુરક્ષીત બનાવવી, (૧૨) ઉપભોગ અને ઉત્પાદનની રીતને સુનિશ્વિત કરવી, (૧૩) જળ વાયુ પરિવર્તન અને તેના પ્રભાવોથી બચવા જરૂરી કાર્યવાહી (૧૪) સમુદ્રીય સંશાધનોનું રક્ષણ, (૧૫) સ્થલીય પરિસ્થિતિ અને માળખાઓનું રક્ષણ, ભૂમિ અવક્રમણ, જૈવ વિવિધતા પર થતી હાની રોકવી, (૧૬) નિરંતર વિકાસ માટે શાંતિ પૂર્ણ અને સમાવેશી સમાજને પ્રોત્સાહન, (૧૭) વૈશ્વિક ભાગીદારી થી સતત વિકાસ સાધવા અમલીકરણના ઉપાયો સુદ્રઢ બનાવવા.

૨૦30 સુધીમાં ઉપર મુજબના લક્ષાંકો સિધ્ધ થાય તેની સતત ખાત્રી તમામ સ્તરે થતી રહે તે જોવા માટેના માપદંડો બનાવી તેનુ પાલન કરવાનુ રહે છે.

બાળદિનના દિવસે આ લખવાનું થયું. જેમાં એમડીજી અને એસડીજી વચ્ચે આવી ગયા. કારણકે તે બંનેમાં બાળકોને ખાસ ધ્યાનમાં રખાયા છે પરંતુ સ્થિતિમાં જે બદલાવ ઈચ્છીએ છીએ તેવું થતું નથી. પ્રાથમિક શિક્ષણને અધિકાર બનાવ્યો પણ હજુ શાળા બહાર બાળકો જોવા મળે છે. જેનો અર્થ એ જ અગાઉના ગોલ સિધ્ધ થયા નહી હવે નવા ગોલમાં આજ બાળકને પહેલા ધોરણમાં દાખલ થાય ત્યાંથી તે ઓછામાં સ્નાતક સુધીનો અભ્યાસક્રમ પૂરો કરે તેની ખાત્રી સરકાર/સમાજે આપવાની વાત થઈ રહી છે. સાંભળવામાં ખૂબ સારૂ લાગે છે તેથી તે સિધ્ધ કરવાથી ખેવના કરવી પડશે.

**અંધારું જ જયાં આપણું હોય ત્યાં, પારકાનું અજવાળું કામ ના આવે.**

## ટકાઉ ખેતી

દોસ્તો, કપાસનો પાક પૂરો થવાની તૈયારીમાં છે અને સાથે જોરદાર ગુલાબી ઈયળનો અટેક પણ દેખાય છે. એક અથવા બે વીણીનું કામ પૂર્ણ થવાને આરે છે. અમુક ખેડૂતોએ શિયાળુ પાકના વાવેતર માટે કપાસના પાકને કાઢી નાખ્યો છે. ગુલાબી ઈયળના નુકશાનને ઓછું કરવા માટે અત્યારથી ખેતીમાં શું કાળજી લેવી જોઈએ તે બાબતે પંજાબથી ડો.સોહીની એક દિવસની ફિલ્ડ મુલાકાત કરવામાં આવી તેમાં જાણકારી મળી તે બાબતોને આપની સામે મૂકું છું. જે આપને ઉપયોગી થશે.

(૧) કપાસને મોડામાં મોડો ફેબ્રુઆરી સુધીમાં કાઢી નાખવો જોઈએ (૨) ખેતરના શેઢા પાળા ની સફાઈ કરવી જોઈએ (૩) ખેતરમાં કે શેઢા પર રહેલ ઘાસ અને ખપાટ જેવા નીંદામણનો નાશ કરવો જોઈએ (૪) કપાસની સાઠીને રોટાવેટરથી કાપીને ખાતર બનાવી પછીજ ખેતરમાં આપવું (૫) પાકા બીલવાળું જ બિયારણ જ ખરીદવું જોઈએ (૬) લાંબા સમય માટે ગુલાબી ઈયળ નિયંત્રણ માટે બોર્ડર પર નોન બીટીનું વાવેતર ફરજીયાત કરવું જોઈએ (૭) બે ભેગી કરેલી (કોમ્બો) દવાનો ઉપયોગ ના કરવો જોઈએ (૮) ગુલાબી ઈયળ માટે એક સમયે એક જ (સિંગલ) દવાનો જ ઉપયોગ કરવો જોઈએ (૯) દવાની ખરીદી વખતે પણ પાકા બીલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ (૧૦) હલકી ગુણવંતાવાળી દવાઓથી બચવું (૧૧) શકય હોય ત્યાં સુધી એક સાથે જ બધા ખેડૂતોએ વાવણી કરવી (૧૨) વહેલી પાકતી કપાસની વેરાયટી પસંદ કરવી (૧૩) ૩૦ દિવસનો કપાસ થાય એટલે વીઘે ૫ ફેરોમેન ટ્રેપ લગાડવી (૧૪) ફેરોમેનમાં ફૂદાઓ દેખાય તો છંટકાવ તરત જ ઈયળ માટે ની કોઈ પણ એક દવાનો છંટકાવ કરવો (૧૫) યુરીયા, પિયત, વર્ધક ઉપયોગ ખુબ જ સાવધાની પૂર્વક કરવો (૧૬) મોનોકોટોફોસ દવાનો ઉપયોગ બિલકુલ બંધ કરવો (૧૭) કપાસનું નિરિક્ષણ કરતા રહેવું (૧૮) જીંડવામાં ઈયળ ઘૂસે તે પહેલા કંટ્રોલ કરવી જરૂરી છે.

તળાજા તાલુકા દકાના ગામના ધરમશીભાઈ મગનભાઈના અનુભવ મુજબ બિનપિયત કપાસમાં ગુલાબી ઈયળનો અટેક ઓછો જોવા મળેલ છે. જેનો મતલબએ થયો કે કપાસમાં પિયત આપવામાં ખુબ જ કાળજી રાખવી.

આમાં દરેક ખેડૂતો સાથે મળીને સામુહિક પ્રયાસો કરવામાં તો ગુલાબી ઈયળથી બચી શકાય.

*ડી.એન.ઝાલા*

***જેને હારવાનો ડર છે, તેની હાર નિશ્ચિત છે.***

## લર્નીંગ રિસોર્સ સેન્ટર (એલઆરસી)

શીખવાની અવનવી પધ્ધતિઓ બાળકોને શાળાએ નિયમિત આવવા પ્રોત્સાહિત કરે છે. બાબરા તાલુકામાં છેલ્લાં પાંચેક વર્ષેથી આ પ્રકિયા હાથ ધરી છે. જેમાં શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ હેઠળ ૯૩૦ બાળકો સાથે શિખવાની બાબતો સરળ બની હોવાનું જોવા મળ્યું. આ વર્ષથી દરેડ મુકામે એક એલઆરસીની સ્થાપના કરી કે જેમાં તે ગામ તથા આજુબાજુના ચાર થી પાંચ ગામોના બાળકોને આ પ્રકારે શીખવાની નવી રીતો નવું જાણવાની તકો મળી રહે. આ કેન્દ્રમાં સંસ્થાના તાલીમી કાર્યકર મિતલ કાંસોદરીયા સેવા આપી રહયા છે. તે બાળકોને સતત નવી નવી પ્રવૃતિઓ કરાવી રહયા છે સંસ્થાની તા.૧૬.૧૧.૨૦૧૭ ની મુલાકાત દરમ્યાન બાળકો માટી, પુષ્પો, વનસ્પતીના પાન વગેરેનાં ઉપયોગથી કુદરતી રંગો દ્વારા ચિત્રો બનાવી રહયા હતા. કેમીકલવાળા રંગો કરતા આ કુદરતી રંગોથી ચિત્રો તૈયાર કરી તેમાં રંગ પુરવામાં બાળકોની સામેલગીરી ઘ્યાન ખેંચે તેવી હતી. આ સિવાય પોતાની રીતે નવી રચનાઓ બાળકો કરી રહયા છે. શિખવા માટેના ટીએલએમ બાળકો સાથે રહી બનાવવામાં આવી રહયા છે, નવી બાબતો ટેકનોલોજીના માઘ્યમથી શિખવવાનો આ કેન્દ્ર ઉપર પ્રયાસ થઈ રહયો છે. સાથે સાથે શાળા શાસન વ્યવસ્થાને લઈ પણ લોકો સાથે સંવાદ કરી શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે તાલીમ કાર્યક્રમો પણ યોજાઈ રહયા છે.



**વસ્તુ આપમેળે ઉભી નથી થતી, તેને સર્જન કરવું પડે છે.**

### કપાસની સાંઠીમાંથી વૈજ્ઞાનિક રીતે કમ્પોસ્ટ

છેલ્લા બે દાયકા દરમ્યાન રાસાયણીક ખાતરનો વપરાશ કુદકે અને ભુસકે વધવાના પરિણામે જમીનની ઉત્પાદકતા ઘટવાની સાથે જમીનનું ભૌતિક બંધારણ ખરાબ થાય અને જૈવિક કાર્યવાહી મંદ પડે છે. રાસાયણીક ખાતરોના ભાવો પણ વધી રહયા છે. આવા સંજોગોમાં રાસાયણીક ખાતરોની અવેજી તરીકે અને જમીનની ઉત્પાદકતા ટકાવી રાખવા આપણી પાસે ખેત ઉત્પાદનની આડ પેદાશોનો વિપુલ જથ્થો ઉપલ્બ્ધ છે. જો તેનો વૈજ્ઞાનિક રીતે કમ્પોસ્ટ બનાવી સેન્દ્રીય ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે તો છોડને પુરતા પ્રમાણમાં જરૂરી બધા પોષક તત્વો મળી રહે, જમીનનું બંધારણ જાળવી શકાય, સુક્ષ્મજીવાણુઓની કાર્યક્ષમતામાં વધારો કરી શકાય તેમજ પાક ઉત્પાદન અને જમીનની ફળદ્રુપતા કાયમી જાળવી શકાય છે.

**મુખ્ય તત્વો :** નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ કે જેની પાકને વધુ જથ્થામાં જરૂર પડે છે.

**ગૌણ તત્વો :** કેલ્શીયમ, મેગ્નેશીયમ અને ગંધકની મુખ્ય તત્વોના પ્રમાણમાં ઓછા જથ્થામાં જરૂર પડે છે.

**સૂક્ષ્મ તત્વો :** જેવા કે લોહ, જસત, મેગેંનીઝ, તાંબુ, બોરોન વિ. આ બધા તત્વો સામાન્ય રીતે ખુબ જ અલ્પ જથ્થામાં જરૂરી છે. આ બધા પોષક તત્વો પાક દ્વારા જમીનમાંથી અવશોષણ થતા હોય છે.

### કમ્પોસ્ટ બનાવવા માટે પાયાના સ્ત્રોતો

કપાસની સાંઠી, પશુઓના મળમુત્ર/ગોબર ગેસની રબડી/ઘેટાંબકરાની લીંડી/મરઘા બતકાની હગાર

### કમ્પોસ્ટ કયાં બનાવશો ?

વાડીએ પશુઓની કોઢ અને પાણીના સ્ત્રોતની નજીક વૃક્ષો નીચે વરસાદ અને તાપથી રક્ષણ મળે તેવી જગ્યાએ ૧ મીટર ઉંડાઈ, ૧.૫ મીટર પહોળાઈ અને કપાસની સાંઠીની ઉપલ્બધતા મુજબ ૫ થી ૩૦ મીટર લંબાઈનો ખાડો તેયાર કરવો.

### કમ્પોસ્ટ કઈ રીતે બનાવશો ?

(૧) કપાસની સાંઠી ખેતરમાંથી ઉપાડી તેના ટ્રેકટર / ઈલેકટ્રીક મોટર સંચાલિત શેડરથી નાના નાના ૫–૬ સે.મી. લંબાઈના ટુકડા કરો.

(૨) તૈયાર કરેલ ખાડમાં કપાસની સાંઠીના ટુકડાનો ૧૦ થી ૧૫ સે.મી. ઉંચાઈનો પ્રથમ થર કરો. આ થર વ્યવસ્થિત ભીંજાય એ રીતે પાણીનો છંટકાવ કરવો.

(૩) આ રીતે તૈયાર કરેલ કપાસની સાંઠીના ટુકડાનાં ૧૦ થી ૧૫ સે.મી.નાં થરમાં તેના વજન મુજબ કમ્પોસ્ટ કલ્ચર ૫૦૦ ગ્રામ પ્રતિ ટન પ્રમાણે + યુરિયા (૦.૫ ટકા નાઈટ્રોજન મુજબ) + ગાયનું છાણ / પશુઓના મળમુત્ર / ગોબર ગેસની રબડી / ઘેટાં–બકરાની લીંડી / મરઘા બતકાની હગાર / જુનું કમ્પોસ્ટ ૨૦ ટકા + રોક ફોસ્ફેટ / સીંગલ સુપર ફોસ્ફેટ ૫ ટકા તથા એરંડી અને લીંબોળીનો ખોળ ૩ ટકા પ્રમાણે યોગ્ય માત્રામાં ભેજ જળવાઈ રહે તે રીતે પાણી છાંટતા – છાંટતા ઉમેરો.

(૪) આ રીતે કપાસની સાંઠીની ઉપલ્બધતા પ્રમાણે પ્રથમ થરનું પુનરાવર્તન કરી ૩ થી ૪ થર બનાવી ખાડાને પુરેપુરો ભરી દો. છેલ્લો થર જમીનની સપાટીથી ૦.૫ મીટર ઉપર આવે ત્યારે ગોરાળુ માટી / મુરમથી ખાડાને વ્યવસ્થિત પેક કરવો. ઉપરનાં થરમાં ફાટ / તિરાડ પડવા દેવી નહી, પડે તો ગોરાળુ માટી / મુરમથી પુરી દેવી.

(૫) લગભગ ૬ થી ૭ દિવસમાં ગરમી ઉત્પન્ન થશે. થોડા દિવસ પછી ૬૦–૭૦ ઉષ્ણતાપમાન થશે અને અવાતજીવી વિઘટન થશે.

(૬) દોઢેક મહીના બાદ ઉપરથી નીચે સુધીનો સરખો આડછેદ લઈ અર્ધકોહવાયેલ પદાર્થો બહાર કાઢો અને બીજોખાડો ખાલી હોય તો તેમાં ઉમેરતા જાઓ અથવા તે જ ખાડામાં ફરીથી ભરો. ત્યારબાદ એક મહીના પછી ફરીથી પદાર્થો બહાર કાઢો. બીજીવાર ભરતી

**દરેક વસ્તુમાં સુંદરતા રહેલી હોય છે, પણ બધા તેને જોઈ શકતા નથી.**

વખતે એઝોટોબેકટર અને ફોસ્ફોબેકટર બેકટરીયાના કલ્ચરનો ૫૦૦ ગ્રામ પ્રતિ ટન મુજબ છાણની રબડીમાં મિશ્ર કરી છંટકાવ કરતાં જાઓ તેમજ સાથે સાથે જરૂરીયાત મુજબ પાણીનો છંટકાવ કરતા જાઓ અને ખાડાને પુરેપુરો ભરી દો. સૌથી ઉપરનાં થરને મોરમ અથવા માટીથી વ્યવસ્થિત ઢાંકી દો.

(૭) આમ આશરે ૫ મહીના બાદ કોહવાયેલ પદાર્થો બહાર કાઢો અને જે ઘેરા ભુખરા રંગના પાવડર બની જાય છે. જે સારૂ કંપોસ્ટ તૈયાર થયાની નિશાની છે. થોડો સમય બહાર રહેવા દો. આમ કરવાથી દુર્ગંધ ઉડી જાય છે અને સારી સુગંધ આવવા લાગે છે તથા આ રીતે તૈયાર કરેલ ખાતરને સંપુર્ણ સુકાવા ન દેતા તેમાં ૧૫ થી ૨૦ ટકા ભેજ જાળવવો અને ખાતરને ચારણાથી ચાળીને પછી જ ઉપયોગમાં લેવું. ચારણાની ઉપરનાં અપરિપકવ ખાતરને ફરીથી ખાડો ભરતી વખતે ઉપયોગમાં લેવું.

ખેડૂત મિત્રો, અમે આશા રાખીએ કે કપાસની સાંઠીના ધુમાડા બંધ થશે. કપાસની સાંઠી પોષણ અને સેન્દ્રિય તત્વોનો અમુલ્ય ખજાનો છે.!

આ રીતે તૈયાર કરેલ કંપોસ્ટ વાપરવાથી જમીનનું બંધારણ સુધરે છે. જમીનમાં હવા અને પાણીની અવર જવર વધે છે. મુખ્ય, ગૌણ તથા સુક્ષ્મ તત્વો તેમજ છોડના વૃધ્ધિકારકોની લાભયતામાં વધારો થાય છે. નાઈટ્રોજન સ્થિરીકરણ અને ફોસ્ફરસની લાભયતામાં વધારો થાય છે. ઉપયોગી સુક્ષ્મ જીવાણુઓ કાર્યક્ષમતા વધે છે. જેથી જમીનમાં હયુમસ વધે છે. આ રીતે ભૌતિક, રાસાયણિક તથા જૈવિક પ્રક્રિયાઓ દ્વારા પાકનો વિકાસ સારો થાય છે અને પાક ઉત્પાદન વધે છે. સારી ગુણવતા, ઉત્તમ સ્વાદ અને બજાર કિમંત ઉંચી મળે તેવુ પાક ઉત્પાદન મળશે. જેની નિકાસ માટે માંગ વધે છે. કમ્પોસ્ટ વાપરવાથી ખૂબજ મહત્વનો ફાયદો એ છે કે જમીનની ઉત્પાદકતા કાયમી જળવાઈ રહે છે તથા વાતાવરણમાં પ્રદુષણનો ઘટાડો થાય છે અને પશુ અને માનવીની તંદુરસ્તી જળવાઈ રહે છે.



**પરિશ્રમએ સારા નશીબની જનની છે.**

## તાલીમ અને પ્રેરણા પ્રવાસ

શિક્ષણ અને સમાજ કલ્યાણ દ્વારા ચાલી રહેલી ઉતમ ખેતી પધ્ધતિઓની કામગીરીમાં જાફરાબાદ, ઉના, ગીરગઢડા અને ખાંભા – ધારી તાલુકાના ખેડૂતો જોડાયેલ છે. આ વિસ્તારમાં ખેડૂતોની ચાર કંપનીઓ બની છે. આ ખેડૂતોના સંગઠનોમાં જોડાયેલ સભ્યો તથા ભવિષ્યમા જોડાનાર ખેડૂતો માટે નીચે મુજબ તાલીમ અને પ્રેરણા પ્રવાસ આ માસમાં યોજવામાં આવ્યા હતા.

તલોદ કપાસ સંશોધન કેન્દ્ર , વિજાપુર ઘઉં સંશોધન, કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અમૂલ ડેરી, માંડવી વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ તથા રૂકમાવતી રૂરલ એગ્રો પ્રોડયૂસર કંપની લી., શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના કાર્યાલયની તથા અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીની તાલીમ સહ પ્રેરણા પ્રવાસ અંતર્ગત આ તમામ ખેડૂતોએ મુલાકાત લીધી હતી. આ મુલાકાતો વિવિધ સ્થળોએ ચાલતી કામગીરીઓ જોવા અને જાણવા માટે વર્ગખંડ તાલીમની સાથે કરવામાં આવી હતી.

કપાસમાં સાંકડા પાટલે વાવેતર, ગુલાબી ઈયળ સહિત તમામ પ્રકારની જીવાતો અને રોગ નિયંત્રણ, બીજની વેરાયટી, જમીન અને પાણીમાં રહેલા તત્વો, દવા અને ખાતરના કાર્યક્ષમ ઉપયોગ પર માહિતી મેળવી હતી. ઘઉંમાં મોડી વાવણીની જાતો, નવી જાતો, બિયારણનો દર, વાવેતરનું અંતર, ખાતરની ભલામણ, જૈવિક કલ્ચર, કુવા તથા બોર રીચાર્જ, ખેત તલાવડી, ડ્રીપ, સ્પીંકલર, પાણીના



**કયારેય જીંદગીમાં ખોટી ગાડી પણ સાચા રસ્તે લઈ જાય છે.**

ઉપયોગ તથા ખેતીને લગતી માહિતી મેળવવાના સ્ત્રોત, વગેરે બાબતો કલાસરૂમ સંશોધન તથા ફાર્મ પર મુલાકાત લઈ શીખ્યા હતા.

વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટની પ્રવૃતિઓ તથા તેના દ્વારા રચાયેલ રૂકમાવતી ખેત ઉત્પાદક સંઘની કામગીરીની વિગતો મેળવી જેમાં ઘઉં, જીરૂ, ચણા, વગેરે પાકોના ગ્રેડીંગ કરી તેનું પેકીંગ કરી ચાલતા વેચાણ કાર્યની માહિતી મેળવવાથી ખેડૂતો પોતે જે કંપનીમાં સભાસદ છે તેની કંપનીમાં આ પ્રકારનું કામ શરૂ કરી શકાય કે કેમ ? તેની શકયતાઓ ચકાસી હતી.

સજીવ ખેતી કરતાં ખેડૂતના ખેતરે જઈ જૈવિક ખાતર બનાવવા તથા તેના ઉપયોગ અને તેનાથી પાકમાં થતાં ફાયદાની જાણકારી પ્રત્યક્ષ રીતે મેળવી હતી. જૈવિક જંતુનાશકોના ઉપયોગ, આંતર પાક, ટ્રેપ પાક, બોર્ડર પાકના મહત્વ વિશે તાલીમ મેળવી હતી.

ઉપરોક્ત તાલીમ સહ પ્રેરણા પ્રવાસોમાં કુલ ૧૫૭ ખેડૂતો પૈકી તેમાં ૩૯ મહિલા ખેડૂતોએ ભાગ લીધો હતો. તાલીમાર્થીઓ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે શીખેલી તમામ બાબતો ખુબ જ ઉપયોગી છે. શકય હોય તેટલાં પ્રયોગોને પોતાની ખેતીમાં તથા સંગઠનમાં ઉપયોગમાં લેવા તેઓ પ્રયાસ કરશે.




**જીંદગીની લંબાઈ નહી, પણ ગહરાઈ વધુ મહત્વની છે.**

**Happy Birthday**

| | |
|---|---|
| Rajesh rathod | 01.12.1992 |
| Sagar bed | 04.12.1897 |
| Vijay Solanki | 06 .12.1995 |
| Satish dafada | 15.12.1977 |
| Bhavika Solanki | 21.12.1989 |
| Nilesh zala | 26.12.1997 |
| Narendra ponkiya | 28.12.1988 |
| Rahul bed | 31.12.1991 |

**In this month**

| | |
|---|---|
| 6-7 | પાણી અને જળવાયુ પરિવર્તનના સંદર્ભે પંચાયતી રાજ અને મહિલા સશક્તિકરણ વર્કશોપ રાજકોટ |
| 6-8 | Capacity Building Workshop on Quality And Inclusive Education Bringing in the Gender Perspective at Nainital. |
| 17-18 | Second round of training on Gender Sensitization Ahmedabad. |
| 7–18 | Training cum exposure for farmers at Talod, Vijapur, Anand and Kachha |
| 19 | Start MSP centre of groundnut purchage at Mota Samadhiyala, Dhokadva and Hemal by FPO. |
| 20-22 | 2PCC of INGJ46 |

**રમુજ એક થેરેપી**

ભિખારી : સાહેબ, ૫ રૂપીયા આપોને

અમદાવાદી : અલ્યા, મારી પાસે ૧૦૦ ની નોટ છે, પણ તારી પાસે ૯૫ રૂ. છૂટા છે

ભિખારી : ખુશ થઈને : હા છે ને ?

અમદાવાદી : શાંતિથી : તો પહેલાં એ વાપરને બકા.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર (૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**નસીબના ભરોસે રહેવું તે કાયરતાની નિશાની છે.**